सत्यमेव जयते

## (નમુનો :–અ )

**કાલાવડના મ્હે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**(શ્રી એ.એસ.જાની ) સાહેબની કોર્ટમાં, મુકામ કાલાવડ**

**ચુકાદાની તારીખ – ૧૨/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૧૦૯/૨૦૨૬**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ ૬૫(એ) (એ),૧૧૬(બી) |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ગુ.રા. નં. ૬૩૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | સરકારશ્રી |
| રજુઆત કારીયા | વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.કારીયા |
| આરોપીપક્ષ | **વિજયભાઇ હમીરભાઇ રાખશીયા**<br>ઉ.વ. ૨૭, ધંધો– ડ્રાઇવીંગ<br>રહે. ગામ–પીપર, તા. કાલાવડ, જી.જામનગર |
| રજુઆત | આરોપીપક્ષે વિ.વ.શ્રી.આર.બી.મુસડીયા |

## ( નમુનો :–બ )

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૫ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૨૬/૦૭/૨૦૨૫ |
| અહેવાલની તારીખ | ૨૩/૦૨/૨૦૨૬ |
| ચાર્જફ્રેમની તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદા રાખવા માટેની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ |
| સજા કરી હોય તેની તારીખ | – |

## ::આરોપીની વિગત::

| આરોપીનુ નામ | આરોપીનુ નામ | અટક કર્યાની તારીખ | જામીન પર છોડયાની તારીખ | ગુનો/તહોમત | તકસીરવાન / નિર્દોષ | સજા | સી.આર.પી.સી ૪૨૮ માટે કસ્ટીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | **વિજયભાઇ હમીરભાઇ રાખશીયા** | ૨૫/૦૭/ ૨૦૨૫ | ૨૬/૦૭/ ૨૦૨૫ | પ્રોહી કલમ- ૬૫ એ એ, ૧૧૬(બી) | નિર્દોષ છોડયા | - | |

**(નમુનો:-ક)**
**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે સાક્ષી યાદી**

| અનુક્રમ નં. | નામ | સાહેદના પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | રાજદીપસિંહ કીશોરસિંહ જાડેજા | ફરીયાદી |
| ફ.સા.૨ | રાજેશભાઇ મગનભાઇ ગજીયા | પંચ સાહેદ |

**ફરીયાદપક્ષે/ બચાવપક્ષે/કોર્ટપક્ષે ન્યાયાલય ના આંકની યાદી**

| અનુ.ક | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદી રાજદીપસિંહ કીશોરસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૦૮ | ફરીયાદ |
| ૩ | ૦૯ | પંચ સાહેદ રાજેશભાઇ મગનભાઇ ગજીયાની જુબાની |
| ૪ | ૧૦ | રેઇડ અંગેનુ પંચનામુ |

## -: ઠરાવ:-

### (૧) કેસની ટુંકમાં હકીકત

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા ૨૫/૦૭/૨૦૨૫ ના ક. ૨૩/૦૦ વાગ્યે પીપર ગામે આરોપી ગે.કા પાસ પરમીટ વગર પોતાના રહેણાક મકાન પાછળ ડેમના પારામાં બાવળની ઝાડીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની ઓલ સીઝન વીસ્કી નંગ ૭ કી. ૩,૫૦૦/- અને મેજીક મોમેન્ટ વોડકા બોટલો નંગ - ૦૫, કી. ૨,૫૦૦/- તથા ગ્લોલબ વ્હીસ્કી ની બોટલ ચપલા નંગ-૧૨ કી રૂા. ૧,૮૦૦/- એમ મળી કુલ મુદામાલ કી. રૂા. ૭,૮૦૦/- સાથે રેઇડ દરમિયાન પકડાઇ જતા કાલાવડ ગ્રામ્ય પો.સ્ટે પ્રોહી કલમ- ૬૫ એ એ, ૧૧૬(બી) મુજબ ગુનો કરેલ છે જેથી આ કામના

ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપી વિરૂધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) <u>ન્યાયિક કાર્યવાહી</u>

આ કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ, આરોપીને સમન્સ /વોરંટ બજી જતા જેના અનસંધાને આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના તમામ પેપર્સની નકલો વિનામૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યાર બાદ આ કામના આરોપીઓ વિરુધ્ધ હાલના ગુના સંબંધી આંક-૪ થી તહોમતનામુ ફરમાવી, આંક-૫ થી લેવામાં આવેલ પ્લી લગત ગુના નો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરિયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેઓને ખોટી રીતે ગુનાના કામે સંડોવી દીધેલ છે. નિર્દોષ છોડી મુકવા રજૂઆત છે

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

## ::- મુદાઓ ::-

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા ૨૫/૦૭/૨૦૨૫ ના ક. ૨૩/૦૦ વાગ્યે પીપર ગામે આરોપી ગે.કા પાસ પરમીટ વગર પોતાના રહેણાક મકાન પાછળ ડેમના પારામાં બાવળની ઝાડીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની ઓલ સીઝન વીસ્કી નંગ ૭ કી. ૩,૫૦૦/- અને મેજીક મોમેન્ટ વોડકા બોટલો નંગ - ૦૫, કી. ૨,૫૦૦/- તથા ગ્લોલબ વ્હીસ્કી ની બોટલ ચપલા નંગ-૧૨ કી રૂા. ૧,૮૦૦/- એમ મળી કુલ મુદામાલ કી. રૂા. ૭,૮૦૦/- સાથે રેઈડ દરમિયાન પકડાઇ જઇ **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ-** |

| | |
|---|---|
| | **૬૫(એ)(એ),૧૧૬(બી) મુજબ**નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |
| ૨. | શું હુકમ |

(૫) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**– કારણો –**

(૬) **મુદ્દા નં. ૧ અને ૨:–**

ફરીયાદ પક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

(૬.૧) ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા, ફરિયાદપક્ષે આંક–૦૭ થી ફરીયાદી રાજદીપસિંહ કીશોરસિંહ જાડેજાને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા. ૨૫/૦૬/૨૫ પો.સ્ટે વિસ્તારમા ખાનગી વાહન મા પેટ્રોલીંગમા હતા તે દમ્યાન ફરતા ફરતા કલાક ૨૨:૪૫ વાગ્યે પીપર ગામ પાસે પંહોચતા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે, અંહી ગામના ડેમના પારા પાસે રહેતા વિજયભાઈ હમીરભાઈ રાખશીયા, તેમના રહેણાંક મકાનની પાછળ બાવળની જાળીમાં વિદેશી દારુની બોટલો રાખી છુટક વેચાણ કરે છે તેવી માહીતી મળતા બે રાહદારી પં ચોને બોલાવી પંચો રુબરુ હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા ડેમના પારા પાસે એક ઈસમ મળી આવેલ જેમનું પંચો રુબરુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ વિજયભાઈ હમીરભાઈ રાખશીયા રહે પીપર ગામ તા.કાલાવડ વાળો હોવાનુ જણાવેલ પંચો રુબરુ તેના મકાનની પાસે ડેમના પારા પાસે જાળીમાં તપાસ કરતા એક સુપરનું બાચકુ મળી આવેલું જેની અંદર જોતા ૧૨ નંગ વિદેશી દારુની બોટલો તથા ૧૨ નંગ ચપલા મળી આવેલા તેમાંથી એક બોટલ શીલ કરી એફ.એસ.એલ. અર્થે મોકલી આપેલ.જે અંગે ફરીયાદ આપેલ જે ફરીયાદ આંક–૮ થી રજુ છે.

ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન તેઓએ સાહેદે સ્વીકાર્યું છે કે, અમો પેટ્રોલીંગ ગયેલ તેની સ્ટેનશન ડાયરીમાં નોંધ કરેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, અમો પેટ્રોલીંગ ગયેલ કયાંય નોંધ કરેલ નથી. ફરીયાદમા પંચોના નામ

સરનામું જણાવેલ નથી. સાહેદે સ્વીકાર્યું છે કે, બનાવ વાળી જગ્યા જાહેર વિસ્તાર છે અને ત્યા માણસોની તથા વાહનોની સતત અવર જવર ચાલુ હોય છે.

(૬.૨) ફરીયાદપક્ષે પંચ સાહેદ રાજેશભાઇ મગનભાઇ ગજીયા ને **આંક–૦૯** થી સોગંદ પર તપાસેલ છે. તેઓને પંચનામું બતાવતા તેમાં તેની સહી ઓળખી બતાવી સદર રેઇડ અંગેનુ પંચનામું **આંક–૧૦** થી રજુ કરેલાનું જણાવે છે. મજકુર પંચસાહેદ તેમની જુબાનીમાં રેઇડ અંગેનુ પંચનામાની હકિકતને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.એ તેઓને ફરી ગયેલા જાહેર કરાયા બાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સીધા સવાલો પુછી ચકાસણી કરેલ હોવા છતા પંચનામાની હકિકતને સમર્થન આપતી ગણી શકાય તેવી કોઈ વિગતો આ પંચસાહેદો તેમની જુબાનીમાં જણાવતા નથી.આમ, સદર પંચસાહેદોની જુબાનીથી **આંક–૧૦** વાળું રેઇડ અંગેનુ પંચનામું પુરવાર થતું નથી.

(૭) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપી પાસેથી ઈગ્લીશ દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. ત્યારે કહેવાતી ઝડતીવાળી જગ્યા જાહેર જગ્યા છે વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. જો ઝડતી કરતા અગાઉ પંચોને બોલાવેલ હોત તો તે હકીકત તેઓએ ફરીયાદમાં જણાવેલ હોત, પરંતુ આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી અને નહી જણાવવા સંબંધે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે ઝડતીવાળી જગ્યા જાહેર રોડ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તેમજ ઝડતી પંચનામામાં જગ્યાની ચર્તુદિશા પણ બતાવવામાં આવે છે. તેમજ આરોપી વિરુધ્ધ ગેરકાયદેસર ઈગ્લીશ દારૂ રાખવાનો કેસ હોવા છતાં પંચોનો પુરાવો જોતા તપાસ કરનાર અમલદાર આરોપીના કબજામાં થી ઈગ્લીશી દારૂ મળી આવેલ હોવાની હકીકતને પુરવાર કરી શકેલ નથી જેથી પંચોની હાજરીમાં મુદામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબંધે શંકા ઉત્પન્ન થાય છે. વળી**, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરુધ્ધ ઓનકાર માનીક પટીલ (1980(2) MHLR 15)** માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીની જુબાની પર આધાર રાખી શકાય નહી. વધુમાં **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ સુરેશભાઈ એસ. પટેલ (૨૦૧૧ (૨૬) જી. એચ. જે. ૦૧)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે પંચસાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે

જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો તે સલામતી ભર્યું ગણાય નહી. વધુમાં, **માનસિંગ મુળુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૧૨ જે. એસ. (ગુજ) ૨૩૮)** માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, જો કોઈ પંચસાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મૃદામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શં કાનો લાભ આપી શકાય. સદર કામે પ્રમાણીત ટેસ્ટીંગ લેબોરેટીરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી. તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ દવારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી.તેમજ ફરિયાદીની જુબાનીમાં ઉલટતપાસ જોતા તેઓએ પેટ્રોલીંગ બુક નીભાવવાની હોય અને તો તે અંગેની નોંધ કરવાની હોય છે તેમ છતા તેઓ ધ્વારા સદર કામે પેટ્રોલીંગ બુકની નકલ રજુ રાખેલ નથી. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ સદર સાહેદની જુબાનીમાં વિશ્વનીયતા જણાય આવતી નથી.ફરીયાદીના પુરાવાને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન ત્યાં સુધી તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી અને આ કામે તપાસેલ પંચસાહેદ તટસ્થ પંચસાહેદ છે. તેમ છતાં તેઓએ આરોપી પાસેથી ઇગ્લીશી દારૂ કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરિયાદીનાં પુરાવાને તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન મળેલ ન હોય, તેનાં પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. તેમજ ફરિયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચસાહેદોનું સમર્થન મળેલ નથી. જેથી ફરીયાદી અને પોલીસ સાહેદોની જુબાનીમાં વિશ્વસનીયતા જણાતી નથી. જે સંજોગોમાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ, ૨૦૨૩ની કલમ- ૨૭૧ અન્વયે ગુજરાત પ્રોહિબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ) (એ), ૧૧૬ બી મુજબના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૧૨ મી, જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળ – કાલાવડ
તારીખ – ૧૨/૦૬/૨૦૨૬.

અક્ષયકુમાર સુર્યકાન્ત જાની
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કાલાવડ
**[GJ01606]**